# સ્વયંભૂ લૉકડાઉનને ૧ વર્ષ પૂર્ણ : બાયડની ગઈકાલ અને આજ, કોરોના સ્પ્રેડર ઠેર ઠેર ભમી રહ્યા છે

### સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાની બેદરકારી હાવિ રહેશે તો ફરી લોકડાઉનના ભણકારા






બાયડ, તા.૨૨ કોરોનાના આગમનને ૧ વર્ષ અને એ સાથે જ સ્વયંભૂ લૉકડાઉનને પણ ૧ વર્ષ પૂરૂ થયું. ત્યારે બાયડ તાલુકામાં કોરોનાથી ૭ લોકોના મોત નિપજ્યા છે. સરકારી દફતર ઉપર મોત નિપજ્યાની વિગત ઉપલબ્ધ નથી. કોરોનાના ૧ વર્ષમાં બાયડની ગઈકાલ અને આજના દ્રશ્યો ગાંધીનગર સમાચારના વાંચકો સમક્ષ રજૂ કર્યા છે. ગત વર્ષે આજ દિવસે બાયડ સ્વયંભૂ લૉકડાઉનમાં જોડાયું અને માર્ગો સૂમસામ હતા. તે સમયે બાયડ તાલુકામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો ન હતો.

તા.૨૨ માર્ચે સમગ્ર દેશમાં સ્વયંભૂ જનતા કરફ્યુંનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહવાન કરી દેશના રાજનીતિક ઈતિહાસમાં સમગ્ર દેશ સ્વયંભૂ બંધ રહ્યાની પ્રથમ ઘટના દેશમાં નોંધાઈ. સ્વયંભૂ લૉકડાઉનને ૧ વર્ષ પુરૂ થયું પરંતુ ગત વર્ષ કરતાં આ વર્ષે તા.૨૨ માર્ચે સ્થિતિ વિસ્ફોટક છે. અરવલ્લી જિલ્લામાં સરકારી દફતરે નોંધાયા ન હોય તેવા ૩૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની આશંકા છે અને દરરોજ ૬ જિલ્લામાં ૩૫ થી વધુ કેસ બહાર આવી રહ્યા છે. ભલે આરોગ્ય વિભાગ માત્ર ૪-૫ કેસનો આંકડો જાહેર કરતી હોય ત્યારે બાયડ અને તાલુકામાં ગત વર્ષે કોરોનાનો એકપણ પોઝિટિવ કેસ નોંધાયો ન હતો. જ્યારે ૨૨ માર્ચ-૨૦૨૧માં બાયડ અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસના આંકડા અત્યંત ચોંકાવનારા હતા જે રીતે બાયડમાં ખરીદી માટે આવતી પ્રજા સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલી રહી છે તે જોતાં આવનારા દિવસોમાં બાયડ તાલુકો કોરોનાના મહા આક્રમણના સકંજામાં આવી જશે. સંભવ છે કે વેપારીઓથી માંડી પ્રજા પણ સ્વયંભૂ લૉકડાઉનની તરફેણ કરે.

## સમાચાર રફ્તાર

- લુણાવાડા એમજીવીસીએલના ૧૪ કર્મચારીઓ કોરોના પોઝીટીવ.
- જાણીતી અભિનેત્રી કંગના રનૌતને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ.
- ભાજપના વધુ એક ધારાસભ્ય મોહન ઘોડીયા કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન માટે રામદાસ આઠવલેની માંગણી.
- ગુજરાત યુનિવર્સિટીની મહિલા પોલીટેકનીકમાં ૧૧ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમવીરસિંહે સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈ તપાસની માંગ કરી.
- ઉત્તરાખંડના મુખ્યમંત્રી તીરથસિંહ રાવત કોરોનાથી સંક્રમિત.
- કાશ્મીરના શોપીયામાં લશ્કરે તોયબાના ચાર આતંકી ઠાર.
- ભારતે આઈએસએસએફ વર્લ્ડકપમાં ૧૦મી એર રાઈફલનો ગોલ્ડમેડલ જીત્યો.
- હવે અંબાજી મંદિરમાં પણ ટૂંકા વસ્ત્રો પહેરીને જઈ શકાશે નહી.
- કેરળ કોંગ્રેસના ઉપપ્રમુખ કેસી નોસાકુટ્ટીએ પક્ષમાંથી રાજીનામુ આપ્યુ.
- મુખ્યમંત્રીના અંગત સચિવ નીરજ પાઠક કોરોનાથી સંક્રમિત.
- શ્રેષ્ઠ અભિનેતા તરીકે મનોજ બાજપાઈ સન્માનિત.

# પાલનપુર સિંધી કોલોનીથી રેલવે બ્રિજ પર જવાનો માર્ગ બંધ કરાયો

પાલનપુર શહેરના પ્રવેશદ્વાર સમાં રેલવે ઓવરબ્રિજને ઊંચો કરવાનું કામ ચાલી રહ્યું છે. ત્યારે એકબાજુનો બ્રિજ બંધ કરાતા ટ્રાફિક સમસ્યા વકરી છે. દરમિયાન ગુરુનાનક ચોકમાં ટ્રાફીક હોવાના કારણે નાના ટુ-વ્હીલર વાહનો સિંધી કોલોનીના રસ્તાથી ઓવર બ્રિજ ઉપર જતા હતા. પરંતુ તે માર્ગ ઉપરથી વધુ વાહનો પસાર થવા લાગ્યા હોવાના કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશો દ્વારા તે રસ્તા પર આડશ મુકી બંધ કરવામાં આવતા ગુરુનાનક ચોકમાં ટ્રાફીકની સમસ્યામાં વધારો થયો છે.

પાલનપુર રેલવે ઓવર બ્રિજને ઉંચો કરવાની કામગીરી ચાલી રહી છે.જેમાં બ્રિજના નીચે થોડા સમય પહેલા માટીની ભેખડ ધસી પડતા ગુરુનાનક ચોકના વચ્ચેના ભાગને સાંકડો કરવામાં આવ્યો છે. જેથી ગુરુનાનક ચોક પર ટ્રાફીકની સમસ્યા સર્જાઇ રહી છે. જેથી નાના ટુવ્હીલર વાહનો સિંધી કોલોનીના માર્ગ ઉપરથી બ્રિજ ઉપર જતા હતા. જેના કારણે તે માર્ગ ઉપર નાના વાહનોનો ઘસારો વધી ગયો હતો. જેથી સ્થાનિક રહીશો દ્વારા તે માર્ગ ઉપર આડસ મુકી બંધ કરી દેવામાં આવ્યો છે.જેના કારણે હવે તમામ વાહનો ગુરુનાનક ચોકમાંથી પસાર થઈ રહયા છે.જેના કારણે ગુરુનાનક ચોકમાં ટ્રાફીકની સમસ્યા વધી ગઈ છે.જેથી તંત્ર દ્વારા ટ્રાફીકની સમસ્યા હળવી કરવામાં આવે તેવી વાહન ચાલકોની માંગ ઉઠી છે.

# ધૂળેટીના રંગમાં ભંગ ધૂળેટી રમવાની મનાઈથી જિલ્લાના ઘેરૈયાઓ નિરાશ

### પરંપરાગત "ઘેરનૃત્ય"ને કોરોનાનું ગ્રહણ લાગ્યું

બાયડ તા.૨૨ કાળમુખા કોરોનાએ વર્ષ દરમ્યાન આવતા તમામ તહેવારોની મજા છીનવી લીધી છે. કોરોનાનું સંક્રમણ વધતાં સરકાર દ્વારા હોળી પ્રગટાવવાની છૂટ આપવામાં આવી પરંતુ ધૂળેટી રમવાની મનાઈ ફરમાવવામાં આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધૂળેટીના દિવસે પરંપરાગત રમાતા ઘેરનૃત્યને ગ્રહણ લાગી શકે છે. જિલ્લામાં ધૂળેટી રમ્યા પછી સમૂહમાં ગ્રામ્ય વિસ્તારોમાં ઘેરનૃત્ય થતું હોય છે જે વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર બન્યું છે પરંતુ હવે ધૂળેટી રમવા ઉપર બ્રેક આવતાં ઘેરૈયાઓ નિરાશ બન્યા છે.

કોરોનાનો કહેર વધતાં ફરીથી લૉકડાઉન આવી શકે છે તેવી અફવાઓ વચ્ચે રાજયના મુખ્ય મંત્રી વિજય રૂપાણીએ લૉકડાઉનની કોઈ શક્યતા ન હોવાની જાહેરાત કરી છે આ સાથે હોળી-ધૂળેટીની ઉજવણી મુદ્દે પણ સરકાર દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે. હોળીના તહેવાર ઉપર હોળી પ્રગટાવવાની મર્યાદિત સંખ્યામાં છૂટ આપવામાં આવી છે પરંતુ હોળીના દિવસે અને ત્યારબાદ ધૂળેટીના દિવસે લોકોની જાહેર આરોગ્યની સ્થિતિને ધ્યાનમાં રાખી ધૂળેટીની ઉજવણીથી દૂર રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ધૂળેટીના દિવસે રંગ ઉડાવશો તો પોલીસ કાર્યવાહી કરવા સુધીની ચીમકી ઉચ્ચારવામાં આવતાં જિલ્લામાં વર્ષોથી રમાતા ઘેરનૃત્યને જોવાની તક ગુમાવવી પડે તેમ છે.

ગ્રામ્ય વિસ્તારોમાં ધૂળેટીના દિવસે એકબીજાને રંગોથી રંગી પુરૂષો સમૂહમાં ઘેર રમતા હોય છે. વર્ષોની પરંપરા પ્રમાણે ઘેરૈયાનૃત્ય જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે પરંતુ આ વખતે ધૂળેટીના રંગમાં ભંગ પડ્યો છે. રંગોત્સવમાં સરકારે કેટલાક નિયંત્રણો લાદી દેતાં ઘેરૈયાઓની મનભરીનો ઘેરનૃત્ય રમવાની ઈચ્છાઓ ઉપર હાલ પાણી ફરી વળ્યું છે.

# બેલગામ કોરોના : સાબરકાંઠા, અરવલ્લીમાં સરકારી કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માંગ

### જિલ્લામાં ૧૨૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની આશંકા, અનેક દર્દી ખાનગી હોસ્પિટલમાં દાખલ

બાયડ, તા.૨૨ સરકાર દ્વારા કોરોના સંક્રમણ ઘટતાં ગત તા.૩૧ જાન્યુઆરી-૨૦૨૧ થી અરવલ્લીના વાત્રક, મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં સરકારી કોવિડ હોસ્પિટલ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. દોઢ મહિના પછી કોરોનાનું સંક્રમણ બેલગામ બનતાં સ્થિતિ વિસ્ફોટક છે. બંન્ને જિલ્લામાં ૧૨૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની આશંકા છે પરંતુ આરોગ્ય વિભાગ દરરોજ સરેરાશ ૧૨ થી ૧૫ કેસ હોવાના આંકડા જાહેર કરે છે ત્યારે દર્દીઓને બચાવી લેવા માટે સરકાર કોવિડ હોસ્પિટલ પુનઃ શરૂ કરે તેવી માંગ થઈ રહી છે. જિલ્લાના ૨૫ થી વધુ દર્દીઓને કોરોના થયા પછી તબિયત વધુ લથળતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અને દરેક દર્દીને સરેરાશ ૩ થી ૮ લાખનો ખર્ચ થયો હોવા છતાં તબિયતમાં કોઈ સુધાર આવતો નથી આ સંજોગોમાં એકમાત્ર સરકારી કોવિડ હોસ્પિટલ દર્દીઓના પરિવારને રાહત આપી શકે છે. ગત રોજ સાબરકાંઠા જિલ્લામાં એક સાથે ૪૪ પોઝિટિવ કેસ એક જ દિવસમાં સામે આવ્યા તેનાથી આરોગ્ય વિભાગ હચમચ્યું છે.

આજે કોરોનાના કારણે સ્વયંભૂ લૉકડાઉનને ૧ વર્ષ પુરૂ થઈ રહ્યું છે. પરંતુ કોરોના ઉપર અંકુશ આવ્યાના તમામ દાવા પોકળ સાબિત થયા છે. કોરોના વારંવાર સ્વરૂપ બદલતો હોવાની બાબત જિલ્લાની પ્રજાને ભલે ગળે ન ઉતરે પરંતુ તે સાચી હકીકત છે. જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વધુ બેલગામ બની ગયો છે. રાજકીય મેળાવડા પછી કોરોનાએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યાની આશંકા સેવાય છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ૬૦ થી વધુ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થયા છે. આ આંકડા અત્યંત ચોંકાવનારા કહી શકાય. વિદ્યાર્થીઓ સંક્રમિત થયા હોય તો તેનો મતલબ એ કે કોરોનાનું નવું સ્વરૂપ હવે કિશોર અને યુવાનોને સકંજામાં લઈ રહ્યું છે. ત્યારે આગામી દિવસો વધુ પડકારજનક બની શકે છે આ સંજોગોમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા સત્વરે કોવિડ હોસ્પિટલ શરૂ કરવી જોઈએ નહીંતર કોરોનાથી સંક્રમિત દર્દીઓ અને તેમના સબંધીઓ ખાનગી સારવારથી દેવાદાર બની શકે છે.

**સાબરકાંઠા જિલ્લામાં ૧ વર્ષમાં સર્વાધિક એક જ દિવસમાં ૪૪ પોઝિટિવ કેસ**

### બાયડ તાલુકામાં દરરોજ ૫ થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે

બાયડ : બાયડ તાલુકો કોરોના વિસ્ફોટથી ખદબદતો હોવાનું ચિત્ર સામે આવ્યું છે. આરોગ્ય વિભાગના જવાબદાર સૂત્રોનું માનીએ તો બાયડ તેમજ તેના ગ્રામ્ય વિસ્તારના દૈનિક ૫ થી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં દર્દીને જરૂરી દવા આપી હોમ આઈસોલેશન માટે જણાવવામાં આવે છે. આ તો માત્ર સરકારી દવાખાન અને આરોગ્ય કેન્દ્રમાં થતા ટેસ્ટનો આંકડો છે પરંતુ ખાનગી આંકડાનો સરવાળો કરવામાં આવે તો અત્યારે મોડાસા અને બાયડમાં સ્થિતિ વધુ વકરતી હોવાની સંભાવના નકારી ન શકાય.

### સાબરકાંઠામાં અત્યાર સુધીનો વિસ્ફોટ, ૧ દિવસમાં ૪૪ પોઝિટિવ કેસ

બાયડ : સાબરકાંઠા જિલ્લામાં રાજકીય મેળાવડામાં બધી બાબતો કોરાણે મૂકાતાં જિલ્લામાં ૧૨ લાખની માનવ વસતી સામે સંકટ મંડરાયું છે. સાબરકાંઠામાં છેલ્લા ૧ વર્ષમાં અત્યાર સુધીમાં સૌથી મોટો કોરોના વિસ્ફોટ ગત રોજ નોંધાયો. ૧ દિવસમાં જિલ્લામાં અધધ ૪૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે જેમાં હિંમતનગર શિવાય બંગ્લોઝ, વિરાટનગર, સોનલ પાર્ક, રંગમહોલ સોસાયટી, ભાવના સોસાયટીમાં ૧-૧ કેસ તેમજ રાજેન્દ્રનગરના સહયોગ ટ્રસ્ટના ૩૯ છાત્રો સાથે કુલ-૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે.

# હિંમતનગર માર્કેટયાર્ડમાં એક જ દિવસમાં બમ્પર ૧૦ હજાર બોરી ઘઉંની આવક

### ખેડૂતોને ટેકાના ભાવ કરતાં પણ વધુ ભાવ મળ્યા, રૂા.૪૦૦ સુધીનો ભાવ મળતાં ખેડૂતોમાં ખુશી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ જિલ્લામાં ઘઉંના બમ્પર વાવેતર પછી બમ્પર પાક ઉત્પાદન થયું છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ૨૦ કી.ગ્રામ ઘઉં રૂા.૩૯૫ના ભાવથી ખરીદવા ખેડૂતોનું રજીસ્ટ્રેશન શરૂ થયું છે પરંતુ ખેડુતોને પૈસાની જરૂરીયાત હોવાથી માર્કેટયાર્ડોમાં ઘઉંની બમ્પર આવક ઠલવાઈ રહી છે. હિંમતનગર માર્કેટયાર્ડમાં સોમવારે એક જ દિવસમાં ૯૩૨૫ બોરી ઘઉંની આવક થયાનું માર્કેટયાર્ડના સૂત્રોએ જણાવ્યું છે. ઘઉંની ગુણવત્તા પ્રમાણે ખેડૂતોને ૨૦ કી.ગ્રામ ઘઉં દીઠ રૂા.૩૫૦ થી ૪૦૦નો ભાવ મળતાં ખેડૂતો ખુશ છે પરંતુ ૫૦૦ થી વધુ ભાવ મળે ત્યાં સુધી ખેડૂતોને ઘઉંની ખેતી પરવડે નહીં તેવો વસવસો ખેડૂતોએ વ્યક્ત કર્યો છે.

આકરા ઉનાળાના આરંભ સાથે ઘઉંના પાકની લણની શરૂ થઈ જાય છે. પરંતુ આ સમય દરમ્યાન હોળી-ધૂળેટી પર્વ નજીક આવતું હોવાથી ખેડૂતોને ખેતમજૂરો મળતા નથી અને ઘઉંના ઉભા પાકમાં આગ લાગવાની દુર્ઘટનાથી ખેડૂતો ચેનથી સૂઈ શકતા નથી. ખેડૂતોએ હવે હાર્ડવેસ્ટરની મદદથી ઝડપથી ઘઉં કાઢવાની શરૂઆત કરી દીધી છે. જેના કારણે ખેતમજૂરોની માંગમાં ઘટાડો આવ્યો છે. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, તલોદ, પ્રાંતિજ, ભિલોડા, વડાલી, ખેડબ્રહ્મા વિસ્તારમાં ૧.૨૩ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ઘઉંના વાવેતર પછી સિંચાઈનો પૂરો લાભ મળ્યો. જેના કારણે ઘઉંની બમ્પર આવક થઈ. સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉં ખરીદવા માટે જિલ્લામાં રજીસ્ટ્રેશન સેન્ટરો શરૂ કર્યા પરંતુ ખરીદી અત્યંત ધીમી અને કંટાળાજનક હોવાથી ખેડુતો રજીસ્ટ્રેશન કરવાનું ટાળી રહ્યા છે. ખેડૂતો ખુલ્લા બજારમાં માર્કેટયાર્ડમાં જઈને ઘઉંનું વેચાણ કહ્યા છે. હિંમતનગર માર્કેટયાર્ડમાં ખેડૂતો મોટી સંખ્યામાં ઘઉં વેચવા માટે ઉમટતાં સમગ્ર માર્કેટયાર્ડ વિસ્તાર ખેડુતોની હાજરીથી ઉભરાયો હતો. હિંમતનગર માર્કેટયાર્ડના સૂત્રોએ જણાવ્યું કે તા.૨૨ માર્ચે માર્કેટયાર્ડમાં ૯૩૨૫ બોરી ઘઉંની આવક થઈ છે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાએ ઉથલો મારતાં "જેમ" સહિતના પ્રસંગમાં ભંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨ હોળીનું પર્વ નજીકમાં છે ત્યારે રાજ્ય તેમજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાએ ઉથલો મારતાં જેમ સહિતના અનેક પ્રસંગમાં સંકટ ઉભું થયું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જાહેર થઈ ત્યારથી સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભૂલાતાં તેનાં ગંભીર પરિણામો નિર્દોષ પ્રજાને ભોગવવાનો વારો આવ્યો છે જેના કારણે રાજકીય પક્ષો ઉપર ઉત્સવ પ્રિય પ્રજા રોષે ભરાઈ છે. આગામી દિવસોમાં ૫૦ થી વધુ વ્યક્તિઓ ઉપર ભેગા થવા ઉપર પણ પ્રતિબંધ આવી શકે છે.

એકમાત્ર ગાંધીનગર સમાચાર અખબાર દ્વારા જિલ્લામાં કોરોનાની સ્થિતિ વિકરાળ હોવાના અહેવાલ પ્રસિદ્ધ કર્યા હતા. ૭૦૦ થી વધુ પોઝિટિવ કેસ હોવાની આશંકા વ્યક્ત થઈ હતી. ગત રોજ રાજેન્દ્રનગરના સહયોગ ટ્રસ્ટ સંચાલિત હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા ૩૯ બાળકોને કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવતાં સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. આરોગ્ય વિભાગના દફતરે માંડ જૂજ કેસ પ્રકાશમાં આવ્યા છે પરંતુ ખાનગી લેબોરેટરી અને હોસ્પિટલના આંકડા ચોંકાવનારા છે. બંન્ને જિલ્લાના ૧૦ થી વધુ ડૉક્ટરો કોરોનાથી સંક્રમિત થયા છે. જ્યારે પેરામેડીકલ સ્ટાફમાં પણ ૫૦ થી વધુને કોરોનાનું સંક્રમણ હોવાની ચર્ચા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને મુદત પૂર્ણ કરતી નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ ત્યારે રાજકીય પક્ષોના મેળાવડામાં બેકાબુ ભીડ જોવા મળી ત્યારથી કોરોના જિલ્લામાં સતત વકરી રહ્યો છે પરંતુ કોઈને કોઈ કારણોસર સાચા આંકડા બહાર આવતા ન હતા. ચૂંટણીના પરિણામો જાહેર થયા તે પછી કોરોના વિસ્ફોટ જોવા મળ્યો અને હવે આગામી રવિ-સોમવારના રોજ હોળી-ધૂળેટીનું પર્વ છે. ત્યારે કોરોનાના કારણે જેમ સહિત અન્ય પ્રસંગો ઉપર પણ સંકટ ઉભું થયું છે. કેટલાક પરિવારોએ જેમ પ્રસંગમાં સબંધી-મિત્રોને બોલાવવાનો નિર્ણય કર્યો હતો તેમને પણ હવે સાદગીથી જેમ પ્રસંગ ઉજવવાનો નિર્ણય કર્યો છે.

### ફ્લાય ઓવર બ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યુ છે. બન્ને શહેરોને જોડતા માર્ગ પર અન્ડર બ્રિજ તેમજ ઓવરબ્રિજ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ચિલાડો સરખેજ માર્ગને અનુલક્ષી આ રૂટમાં અંદાજે સાત જેટલા ઓવરબ્રિજ બનાવવા કામગીરી ચાલી રહી છે. જે પૈકી મોટાભાગનુ કામ પુર્ણતાના આરે છે. જયારે કોબા હાઈવે પર ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત રીતે થાય અને સરદાર રીંગ રોડ પર ટ્રાફિક જામ ન થાય તે માટે ગાંધીનગર કોબા ઈન્દિરાબ્રીજ પર આવેલા ભાટ સર્કલ પાસે ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. જયારે આ માટે રૂ ૧૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઠેકાણે કેબલ સ્ટેડ બ્રિજ બનાવાશે. જયારે શાહપુર સર્કલ પર સાંજે ટ્રાફિકનુ પ્રમાણ વધુ રહે છે. તે વિસ્તારમાં પણ સર્કલ પર કોબા હાઈવેને સમાંતર સિકસલેન બ્રિજ બનાવાની યોજના સરકારે તૈયાર કરી છે. જયારે એક કીલોમીટર જેટલા સિકસલેન બ્રિજ બનાવવા માટે રૂ ૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. માર્ગ મકાન વિભાગના બજેટની જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર કોબા પી ડી પી યુ જંકશન અલબત્ત ભાઈજીપુરા પાટીયા પાસે પણ ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે. જયારે આ માટે રૂ ૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ભાઈજીપુરા પાટીયા પાસે ઓવરબ્રિજ બનતા અવારનવાર થતા અકસ્માતોને પણ અટકાવી શકાશે. જયારે રીંગ રોડ પર ભાટ સર્કલ પાસે, શાહપુર સર્કલ પાસે પણ ઓવરબ્રિજ બનાવાની યોજના પર કામ હાથ ધરાશે. આ ઉપરાંત અમદાવાદ દહેગામ ધનસુરા રૂટના બાકી રહેતા ૩૮ કી મી રસ્તાને પણ રૂ ૧૯૦ કરોડના ખર્ચે ચારમાર્ગીય કરાશે.

### સરકારી આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવી રહી છે. સેકટરોમાં પણ આ મામલે અગાઉ તંત્ર દ્વારા સર્વે કરીને જોખમી આવાસોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આવાસોની સ્થિતિ પ્રમાણે તેમને અલગ અલગ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. ત્યારે ભયજનક આવાસો ખાલી કરાવી તેનો કડુસલો કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ શહેરના સે-૧૬ તેમજ સે-૬ માં પણ આવાસો તોડવા માટે કામ ચાલી રહ્યુ છે.જયારે સેકટરોમાં સ્થિત અન્ય કેટેગરીના આવાસોનો ભુકો કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી રહી છે. પથિકાશ્રમ પાસે સ્થિત વર્ષો જુના જ કક્ષાના સ્ટાફના આવાસો ખાલી કરાવી દેવાયા છે. જયારે લાંબા સમયથી બિન ઉપયોગી અને જોખમી હાલતમાં સ્થિત મકાનો હવે તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. આ મકાનો તુટતા આ જગ્યા પણ ખુલ્લી થશે. અંદાજિત ૧૮ જેટલા યુનિટ તોડવા માટે કામગીરી હાથ ધરાશે. આ માટે જરૂરી ટેન્ડર પ્રક્રીયા પણ કરવામાં આવી છે. પથિકાશ્રમ પાસે સ્થિત આ મકાનો લાંબા સમયથી ખંડેર જોવા મળી રહ્યા હતા. જયારે ઘણાં સમય બાદ આ આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે.

### ૩૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ અર્બનમાંથી એક પાલુન્દ્રા ગામેથી એક કેસ મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો વધ્યા છે તેમજ ગૃહીણીઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્યમાં આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૨૫૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૯ દર્દીઓ હાલ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૩૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૯ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દીઓ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટાભાગના દર્દીઓ મોટીવયના લોકો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં મધુર ડેરીનો કર્મયોગી, ગુજરાત યુનિ.ના અધ્યાપક, ગુરૂકુળના શિક્ષક, ડ્રાયવર, જીએસટીનો કર્મયોગી, એક ચાર્ટડ એકાઉન્ટન્ટ તેમજ એક ખેડૂતનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૩૦ માંથી ૩ કેસ, સે. ૨૨, ૨૦, ૩, ૭, ૬ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨૪, ૫, ૪, ૨૯, ૨૬ અને જીઈબીમાંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં કોરોના માટે સંવેદનશીલ વિસ્તારો જે અગાઉ બન્યા હતા તે સેક્ટરોમાંથી કેસો મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં બે મહિના પછી ૨૦ની નજીક કેસની સંખ્યા પહોંચતા જ તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોન પણ વધવા લાગ્યા છે. આ ઉપરાંત હોમ ક્વોરોન્ટાઈન કરાયેલ લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. શહેરમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ૧૮૦ના આંકને પાર કરી ગયેલ છે. જેમાં શહેરમાં ૧૧૯ અને ગ્રામ્યમાં ૬૯ કેસનો સમાવેશ થાય છે.

### ૧૬૪૦ નવા કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઇ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોરોનાનાં કુલ ૧૬૪૦ દર્દી નોંધાયા અને રાજ્યમાંથી ૧૧૧૦ દર્દીઓ સાજા થયા. આ ઉપરાંત રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૫.૭૪ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨,૭૬,૩૪૮ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૭૮૪૭ કોરોનાના એક્ટિવ કેસ છે. ૭૩ લોકો વેન્ટિલેટર પર છે. ૭૭૭૪ લોકો સ્ટેબલ છે. ૨,૭૬,૩૪૮ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૫૪ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનનાં ૨ અને સુરત કોર્પોરેશનનાં ૨ સહિત કુલ ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે.

### ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે શરદ પવારે અનિલ દેશમુખના પ્રેસ કોન્ફરન્સમાં હોવાનો દાવો કર્યો, ત્યારે તરત જ બીજેપીના અમિત માલવીયએ ટ્વીટર પર અનિલ દેશમુખના જૂના ટ્વીટને રિટ્વીટ કરી દીધું. ટ્વીટ અનુસાર, અનિલ દેશમુખ ૧૫ ફેબ્રુઆરીએ પ્રેસ કોન્ફરન્સનું સંબોધન કરી રહ્યાં હતા. બીજેપીના આ દાવા પર શરદ પવારને પ્રેસ કોન્ફરન્સમાં સવાલ પૂછવામાં આવ્યા, જે બાદ તેમણે પોતાના દાવા પર સ્પષ્ટતા કરી. શરદ પવારે કહ્યું કે ૫થી ૧૫ ફેબ્રુઆરી સુધી અનિલ દેશમુખ હોસ્પિટલમાં હતા, તેવા ડોક્યુમેન્ટ મારી પાસે છે. શરદ પવારે સ્પષ્ટતા કરી કે અનિલ દેશમુખ વિરુદ્ધ જે પર આરોપ લગાવવામાં આવ્યા છે, જેમાં કોઇ દમ નથી. તેવામાં રાજીનામાનો કોઇ સવાલ નથી. જ્યાં સુધી સમગ્ર મામલે તપાસની વાત છે, તો તેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની મરજી છે તે આ મામલે તપાસ કરી શકે છે.

### ૪ આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિયાનમાં ૪ અજ્ઞાત આતંકવાદી માર્યા ગયા. સેનાનું આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યુ છે. કેન્દ્ર શાસિત પ્રદેશના આઈજી વિજયકુમારે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં ચાલેલા એક્રાઉન્ટરમાં લશ્કર એ તોઈબાના તમામ ૪ આતંકી માર્યા ગયા. જો કે આ દરમિયાન એક જવાન ઘાયલ થયો છે. ઓપરેશન પુરુ થઈ ગયું છે અને સ્થિતિ અંકુશ હેઠળ છે.